

# ભીમનો કાયદો, બિરસાનુ તીર સાથે મળીને બદલીએ તાસીર



- હજુ અનાજ આવ્યુ નથી, અઠવાડીયા પછી આવશે
- પહેલા ઘર બાંધો, પછી યોજનાનો ચેક મળશે
- આ યોજના તો બંધ થઈ ગઈ. આવો જવાબ મળે, ને આપણે ધક્કા ખાવાના?
- ગામનો નકશો ? ગ્રામસભાના ઠરાવો ? પંચાયતના ખર્ચનો હિસાબ ? સામજિક ન્યાય સમિતિની વિગત ? આ માહીતી તમને ના મળે,

એ તો **સરકારી કહેવાય**




મામુ, તમને ''મામા'' બનાવે છે.
કારણ કે સાચી વાત તમને
ખબર પડી જાય તો ?
તો, તેમનો ભ્રષ્ટાચાર ખુલ્લો પડી જાય
પણ તમારે સાચી
માહિતી જોઈએ છે ? તો,

**માહિતીના અધિકારનો**
હક્કથી ઉપયોગ કરો.

# માહિતીનો અધિકાર આવ્યો, ભ્રષ્ટાચારનો અંત લાવ્યો

**માહિતીનો અધિકાર એટલે,**

- કામ, દસ્તાવેજો અને દફતર ચકાસણીનો અધિકાર
- નોંધ કરવાનો, ઉતારો લેવાનો કે પ્રમાણિત નકલ લેવાનો અધિકાર
- નમૂનાઓ લેવાનો અધિકાર
- ઈલેક્ટ્રોનિક્સ સાધનોથી માહિતી મેળવવાનો અધિકાર
- એવી માહિતી કે જે બહાર આવવી જાહેર હિતમાં આવશ્યક હોય તે મેળવવાનો અધિકાર
- માહિતી કે જે સંસદ કે રાજય વિધાનસભાના સભ્યને નકારી શકાય નહિ તે કોઈપણ વ્યક્તિને નકારી શકાશે નહિ.

**માહિતીના અધિકારને લીધે,**

- વહીવટમાં પારદર્શકતા આવશે.
- ભ્રષ્ટાચાર ઉપર નિયંત્રણ આવશે, નાબૂદ થશે.
- તમારા કામની પ્રગતિ જાણી શકાશે.
- વહીવટી કાર્યમાં જવાબદારી નક્કી થશે.
- વહીવટી કામ ઝડપી અને સરળ બનશે.
- ગેરમાર્ગે દોરનારા, ભ્રષ્ટાચાર કરનારા, માહિતીના અભાવને લીધે વચેટીઆ બની પૈસા ખાનારનો અંત આવશે.

## ● માહિતી મેળવવા માટે ●

● આપને જે માહિતીની જરૂર હોય તેને લાગતી વળગતી કચેરીમાં ''માહિતી અધિકારી''ને નિયત નમૂનામાં અરજી કરો. ● અરજી કરનાર વ્યક્તિ ભારતનો નાગરિક હોવો જોઈએ. ● માહિતી મેળવવા જરૂરી ફી ભરવી જોઈએ. ● બી.પી.એલ.માં આવતી વ્યક્તિએ કોઈપણ ફી આપવાની રહેતી નથી. ● અરજીની એક નકલ અરજી કરનારે રાખવી તેના ઉપર જે તે કર્મચારીને અરજી આપ્યાની સહી કરાવવી અથવા પહોંચ મેળવવી

**આટલું ન કરો :**

- એક કરતા વધુ ખાતા કે કચેરીને લગતી માહિતી એક જ અરજીમાં ન કરો. પરંતુ જુદી જુદી અરજી કરો.
- માહિતી જેની પાસેથી મળે શકે તેને જ/ તે જ ખાતા-કચેરીને અરજી કરો (મુખ્યમંત્રી, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ વિ.ને અરજી ન કરો)
- સામાન્ય રીતે જે કક્ષાએ માહિતી મળી શકતી હોય ત્યાં જ અરજી કરો. (ગામની માહિતી ગામના સ્તરે, તાલુકાની માહિતી તાલુકા સ્તરે, જિલ્લાની માહિતી જિલ્લા સ્તરે)

**જાણી લે તુ ''માહિતીનો કાયદો'' ઉઠાવી લે હવે એનો ''ફાયદો'' માહિતીનો ના તું કરતો ''સોદો''**

માહિતી મેળવવા માટે દલિત અને આદિવાસીને ફી માફી હોવી જોઇએ ?
**માહિતી ગ્રામસ્તરે મળવી જોઇએ કે તાલુકા સ્તરે ?**

તમારો જવાબ આ સરનામે મોકલી આપો


**વિકલ્પ**
ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
e-mail: vikalpahd@gmail.com, website : vikalp.org



# ભીમનો કાયદો, બિરસાનુ તીર
# સાથે મળીને બદલીએ તાસીર



## માહિતીના અધિકારનું માળખું

**અરજદાર**

↓ માહિતી માંગતી અરજી

**જાહેર માહિતી અધિકારી**

- **૫ દિવસમાં**: નમૂના 'અ'માં અરજી સંબંધિત માહિતી અધિકારીને તબદિલ → (૩૦ દિવસમાં, નમૂના 'ક'માં)
- **૩૦ દિવસમાં**: નમૂના 'ક'માં માંગેલ માહિતી પૂરી પાડશે
  - માહિતી મળી ગઈ. યોગ્ય રીતે તેનો ઉપયોગ કરવો.
  - અધૂરી, અસ્પષ્ટ કે ગેરમાર્ગે દોરનારી માહિતી મળી. → પ્રથમ અપીલ નમૂના 'જ' પ્રમાણે → અપીલ સત્તાધિકારી
- **૩૦ દિવસમાં**: નમૂના 'છ'માં કારણો સહિત અરજી અસ્વીકાર કરશે → પ્રથમ અપીલ નમના 'જ' પ્રમાણે → અપીલ સત્તાધિકારી
- **૩૦ દિવસમાં**: કોઈ જવાબ આપશે નહીં → પ્રથમ અપીલ નમૂના 'જ' પ્રમાણે; અરજી કર્યાની તારીખથી ૩૦ દિવસ પછીના ૩૦ દિવસમાં → અપીલ સત્તાધિકારી

**અપીલ સત્તાધિકારી (જાહેર માહિતી અધિકારીના ઉપરી અધિકારી)**

૩૦ થી ૪૫ દિવસમાં અપીલનો ઉકેલ

- જવાબથી સંતુષ્ટ
- જવાબથી ના સંતુષ્ટ
- જવાબ ન આવે

અપીલની તારીખથી ૯૦ દિવસની અંદર બીજી અપીલ

**જાહેર માહિતી આયોગ**

- જવાબ ન આવે → હાઈકોર્ટ
- અપીલનો નિકાલ
  - ના સંતુષ્ટ → હાઈકોર્ટ
  - સંતુષ્ટ

**નોંધ :**

- તારીખ સાથેની અરજી / અપીલ લેખિત જ કરવી તથા એક નકલ પોતાની પાસે રાખવી.
- અરજી / અપીલ રૂબરૂ આપો તો નકલ ઉપર સહી લેવી, ટપાલથી મોકલો તો રજિ. એડી. કરવી.

## નમુનો 'ક' માહિતી મેળવવા માટેની અરજી ભરવાના સૂચનો

- અરજી કરતી વખતે જે તે ખાતાને લગતી અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી, કચેરી અથવા વિભાગનું સરનામું લખવું.
- અરજીમાં અરજદારનું પૂરું નામ અને સરનામું જરૂરી છે.
- અરજીમાં માંગવામાં આવેલી માહિતીની પૂરેપૂરી વિગતો ટૂંકમાં લખવી.
- અરજીની સાથે જરૂરી ફી અથવા તો ગરીબી રેખા હેઠળનું કાર્ડની નકલ (બીપીએલ કાર્ડની નકલ) જોડવી.
- અરજીના અંતમાં સ્થળ, તારીખ લખી સહી અવશ્ય કરવી.

**વિકલ્પ**

ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબોએ માહિતી માટે ફી માફી મેળવવા, પુરાવાની નકલને પ્રમાણિત કરવાનો ખર્ચ ફી કરતાં ઓછો કે વધારે આવે?

તમારો જવાબ આ સરનામે મોકલી આપો

ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧
e-mail: vikalpahd@gmail.com
website : www.vikalp.org

વિકલ્પ VIKALP